



પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર    તા. ડિસેમ્બર ૩૧, ૨૦૨૧ • માગશર વદ ૧૨, સંવત ૨૦૭૮

Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

# વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ પૂર્વે અત્યાર સુધીમાં ૯૬ જેટલા MOU થયા




આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની પ્રગતિ તથા સફળતાને વિશ્વમાં ઉજાગર કરનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મું સંસ્કરણ જાન્યુઆરી ૧૦ થી ૧૨ ૨૦૨૨ દરમ્યાન યોજાવાનું છે. વાયબ્રન્ટ સમિટની આગામી ૧૦મી એડીશનના પૂર્વાધરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્યના ઉદ્યોગ વિભાગે દર સપ્તાહના પ્રથમ દિવસ એટલે કે સોમવારે વિવિધ ક્ષેત્રોમાં સૂચિત રોકાણો માટેના MOU કરવાનો ઉપક્રમ શરૂ કર્યો છે. તદઅનુસાર પ્રિ-વાયબ્રન્ટ ઇવેન્ટ અન્વયે પાંચમી કડીમાં ૧૬ MOUs સંપન્ન થયા હતા. આ સૂચિત રોકાણો માટેના જે MOU થયા છે તેમાં વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ, વેસ્ટ-ટુ ઓઇલ પ્લાન્ટ ઉપરાંત પર્યાવરણ જાળવણીના નવતર અભિગમ સાથે વાયુ પ્રદૂષણ નિયંત્રીત કરવા અને વાયરસ, બેકટેરિયાના નિષ્ક્રિયકરણ માટે પેટન્ટેડ ઉપકરણોના ઇન્સ્ટોલેશનના MOU મુખ્યત્વે રહ્યા છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, પ્રિ-વાયબ્રન્ટ ઇવેન્ટ રૂપે MOUની દર સપ્તાહના પ્રથમ દિવસે યોજાતી શૃંખલામાં અત્યાર સુધી પાંચ કડીમાં ૯૬ જેટલા MOU પ્રિ-વાયબ્રન્ટ ઇવેન્ટ રૂપે સંપન્ન થઇ ગયા છે.

(Source : https://cmogujarat.gov.in)

# ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ ૨૦૨૦-૨૧માં ગુજરાત પહેલા નંબરે

કેન્દ્ર સરકારે ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ ૨૦૨૦-૨૧ જાહેર કર્યો છે જેમાં પ્રથમ સ્થાને ગુજરાત છે. ૨૦૧૯ના ઇન્ડેક્સમાં ગ્રુપ-એ રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા સ્થાને હતું જેમાં આ વખતે પાંચ સ્થાન આગળ વધીને શિખર પર પહોંચી ગયું છે. ગુડ ગવર્નન્સ ઇન્ડેક્સ દસ સેક્ટરના ઇન્ડીકેટરમાં રાજ્યએ કરેલી પ્રગતિના હિસાબથી નિર્ધારિત કરાય છે. તાજેતરના ઇન્ડેક્સમાં ગુજરાત આર્થિક વહીવટના ઇન્ડીકેટરમાં પહેલા નંબરે છે. ગયા વર્ષની તુલનામાં ગુજરાતે આ વખતે ૧૦ ક્ષેત્રોમાં ૧૨.૩ ટકાનો વધારો નોંધાવ્યો છે. ગુજરાતને આ ઇન્ડેક્સમાં આર્થિક શાસન, માનવસંસાધનોના વિકાસ, જાહેર માળખાકીય વ્યવસ્થાઓ, સમાજકલ્યાણ અને વિકાસ, ન્યાયતંત્ર અને જાહેર સલામતીના ક્ષેત્રોમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હોવાના કારણે પ્રથમ ક્રમ મળ્યો છે. (સંદર્ભ: દિવ્યભાસ્કર,૨૬.૧૨.૨૦૨૧)

# સુરતથી રાજ્યવ્યાપી 'નદી ઉત્સવ'નો શુભારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી




દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણતાના અવસરે દેશભરમાં ઉજવાઈ રહેલા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે દેશની પ્રગતિ અને પ્રકૃત્તિમાં મહત્વનું યોગદાન આપતી નદીઓનું ગૌરવગાન અને સન્માન કરવાના હેતુથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સુરતના સિંગણપોર વિયર કમ કોઝવે ખાતે રાજ્યકક્ષાનો 'નદી ઉત્સવ' યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીએ તાપીમૈયાનું પૂજન-અર્ચન કરી શ્રમદાન થકી નદીઓને સ્વચ્છ અને સુરક્ષિત રાખવાનો સંદેશ આપ્યો હતો.

(Source : https://cmogujarat.gov.in)


Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.
Phone : +91-79-23238278
E-mail : nrgfoundation@yahoo.co.in
www.facebook.com/GSNRGF


FOR PRIVATE CIRCULATION ONLY

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

## ગોપીબેન રાઠોડ માવદીયાને ગ્લોબલ ડોક્ટર પદવી



અમરેલીના ગોપીબેન રાઠોડ માવદીયાને જીનીવાની સ્વિસ સ્કુલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ દ્વારા ડોક્ટર ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (ગ્લોબલ ડૉક્ટર)ની પદવી એનાયત કરાઈ છે. તેમણે 'સાયબર સિક્યોરિટી ચેલેન્જીસ ઈન ડેવલોપીંગ નેશન્સ એન્ડ ટેરરિઝમ' વિષય પર મહા શોધનિબંધ રજુ કરી સંશોધનકાર્ય ડિસ્ટીન્કશનથી પૂર્ણ કર્યું હતું. આ સાથે જ ડો. ગોપીબેન રાઠોડે વિશ્વની સૌથી અઘરી અને માણસના આઇક્યુને સચોટ રીતે પ્રદર્શિત કરતી સંસ્થા મેન્સા ઇન્ટરનેશનલમાં ૧૬૧ સ્કેલ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેઓ અગાઉ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મેળવી ચૂક્યા છે. ઉપરાંત તેઓએ IIM-અમદાવાદમાં નેશનલ ફેલોશીપ પણ મેળવી હતી.

(Source : www.akilanews.com)

## જશ શાહ અને સિદ્ધ લાડ કેનેડાની અંડર-૧૯ ક્રિકેટ ટીમમાં સિલેક્ટ થયા




કેનેડાની અંડર-૧૯ વર્લ્ડ કપ ક્રિકેટ સ્પર્ધામાં મૂળ નવસારીના વતની અને રોટરી સંસ્થા સાથે જોડાયેલા કાંતિભાઇ શાહ પરિવારના પૌત્ર જશ શાહ અને મૂળ નવસારીના અન્ય યુવાન સિદ્ધ લાડનું સિલેક્શન થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેનેડાની અંડર-૧૯ ટીમમાં ૧૫માંથી ૧૦ તો મૂળ ગુજરાતી ક્રિકેટર છે. વર્ષોથી નવસારીમાં રહેતા કાંતિલાલ શાહનો પુત્ર હિમાંશુ શાહ કેનેડામાં મોટેલ બિઝનેસ કરે છે. તેમનો દીકરો જશ શાહ હાલ ધોરણ-૧૨ પાસ કરીને વેપાર કેમ કરવો તે વિષયમાં અભ્યાસ કરી રહ્યો છે. તેને તેના પિતા પાસેથી વારસામાં ક્રિકેટના લક્ષણો પણ મળ્યાં છે. સાત વર્ષ સુધી મહારાષ્ટ્રના પૂનાની ક્રિકેટ ક્લબમાં તેણે ક્રિકેટની તાલીમ લીધી હતી.

(Source : www.divyabhaskar.co.in)

## અમેરિકામાં સાબાન-૨૦૨૧ એવૉર્ડમાં ગુજરાતી મૂળના બિઝનેસમેનનો દબદબો



અમેરિકાના લોસ એન્જલસમાં વસવાટ કરતાં દક્ષિણ એશિયાના ઉદ્યોગકારોને દર વર્ષે સાઉથ એશિયન બિઝનેસ એવોર્ડ નેશનવાઇડ (SABAN) થી સન્માનિત કરવામાં આવે છે. 'સાબાન' દ્વારા બિઝનેસની સાથે સાથે સામાજિક સેવા ક્ષેત્રે પ્રદાન કરનારાઓની પસંદગી કરવામાં આવે છે. આ વર્ષે જે આઠ વ્યક્તિઓનું સન્માન કરાયું છે એમાં બે મૂળ ગુજરાતી છે – યોગી પટેલ અને પરિમલ શાહ. યોગી પટેલ લેબોન હોસ્પિટાલિટી ગ્રુપના સ્થાપક, ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકાના પ્રેસિડન્ટ અને હોટેલ બિઝનેસમાં પ્રવૃત છે. પરિમલ શાહ ઇન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી ઓફ નોર્થ અમેરિકાના ચેરમેન અને બેન્કિંગ ક્ષેત્રે કાર્યરત છે.

(Source : https://chitralekha.com)

## શ્રી પટના ગુજરાતી સમાજ દ્વારા નવ વર્ષની ઉજવણી




શ્રી પટના ગુજરાતી સમાજ દ્વારા વિ.સં. ૨૦૭૮ નિમિત્તે રંગારંગ મનોરંજક સાંસ્કૃતિક નૂતન-વર્ષાભિનંદન કાર્યક્રમ શ્રી રમેશભાઈ કામદારની અધ્યક્ષતામાં ૧૪ નવેમ્બરના રોજ બિહાર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના હૉલમાં યોજાઇ ગયો. કાર્યક્રમમાં શ્રી ભીખુભાઈ દલસાનીયા, સંગઠન મહામંત્રી – બિહાર ભાજપ, શ્રી પ્રમોદ કુમાર, શેરડી વિકાસ ઉદ્યોગ અને વિધિ મંત્રી - બિહાર સરકાર, શ્રી નંદ કિશોર યાદવ, ભૂતપૂર્વ મંત્રી - બિહાર સરકાર અને શ્રી આચાર્ય કિશોર કુણાલ, અધ્યક્ષ - બિહાર રાજ્ય ધાર્મિક ન્યાસ બોર્ડ ઉપરાંત સમાજના અગ્રણીઓ ભરતભાઈ મહેતા, જ્યંતીભાઈ પટેલ, રાજનભાઈ ત્રિવેદી, નીતિનભાઈ વ્યાસ, ભુપતભાઈ વિરાણી, સહિત બાળકો અને ગણમાન્ય સભ્યો ૩૦૦થી વધુની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નિમિષા માધવાણીની યુકે ખાતે યુગાન્ડાના હાઇ કમિશનર તરીકે નિમણૂંક



યુગાન્ડાના પ્રમુખ યોવેરી મુસેવેનીએ યુકેમાં યુગાન્ડાના હાઇ કમિશનર તરીકે એમ્બેસેડર નિમિષા માધવાણીની નિમણૂંક કરી છે. તેઓ ૨૦૨૨ના પ્રારંભમાં પોતાનો હોદ્દો સંભાળશે. ઈસ્ટ આફ્રિકાના અગ્રણી પરિવારના સભ્ય નિમિષા માધવાણી ઉદ્યોગપતિ સ્વ. જયંતિભાઈ મૂળજીભાઈ માધવાણી અને મીનાબેન માધવાણીના પુત્રી અને બિઝનેસ માંધાતા મયૂર માધવાણીના ભત્રીજી છે. યુગાન્ડામાં માધવાણી ગ્રૂપની છેલ્લા ૧૦૦ કરતાં વધુ વર્ષોથી વિશેષ ઉપસ્થિતિ છે. યુગાન્ડાના જીડીપીમાં તેનું ૯ ટકા જેટલું યોગદાન છે. નિમિષા માધવાણી આ હોદ્દો સંભાળનારા ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ છે.

(Source : www.gujarat-samachar.com)

## સાઉદી અરેબિયાના જેદ્દાહમાં જામી ગરબાની રમઝટ



ભારતના કોન્સ્યુલેટ જનરલ જેદ્દાહ દ્વારા ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગ રૂપે ભારતની સંસ્કૃતિની સમૃદ્ધ વિવિધતાને દર્શાવતો સાંસ્કૃતિક મેગા-ફેસ્ટિવલ ઈન્ડિયા ફોરમના સહયોગથી ૧૧ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ ઈન્ટરનેશનલ ઈન્ડિયન સ્કૂલ જેદ્દાહ ખાતે યોજાયો. સાઉદી ભારતીય મૂળના વ્યક્તિઓ અને ભારતીય સમુદાયના સભ્યો સહિત લગભગ ૬૦૦ વ્યક્તિઓ ઉપરાંત સેંકડો દર્શકો ઓનલાઈન માધ્યમથી આ મહાઉત્સવમાં જોડાયા હતા.

(Source : https://sandesh.com)

# ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા ગુજરાત કાર્ડ ધારકોને લાભ આપતી વ્યાપારિક સંસ્થાઓની જાગૃતિ શિબિર 'વર્ચ્યુઅલ વેન્ડર્સ મીટ' યોજાઇ




તા.૨૪.૧૨.૨૦૨૧ના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા પ્રતિષ્ઠાન અંતર્ગત કાર્યરત એન.આર.જી.સેન્ટર, રાજકોટના સહયોગથી બિન નિવાસી ગુજરાતીઓ માટે ઇસ્યુ થતા ગુજરાત કાર્ડને લાભ આપતી સંસ્થાઓમાં વધારો કરવાના હેતુસર રાજકોટની ખ્યાતનામ સંસ્થાઓ સાથે વર્ચ્યુઅલ વેન્ડર્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.આર.જી.સેન્ટર, રાજકોટના ચેરપર્સન મિત્તલબેન કોટીચા શાહ, સેક્રેટરી શ્રી રૂષિકેશ પંડયા દ્વારા સૌના સ્વાગત પરિચય અને આ કાર્યક્રમ યોજવાના હેતુ વિશે ઉપસ્થિત સૌને માહિતગાર કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી અને ત્યારબાદ ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનના મામલતદારશ્રી ઉત્સવ ભટ્ટ અને સિસ્ટમ મેનેજર શ્રી ચિંતન પ્રજાપતિ દ્વારા રાજકોટની વ્યવસાયિક સંસ્થાઓને ગુજરાત કાર્ડ સાથે જોડાવાથી થતા લાભો વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ કે.એસ.પી.સીના સેક્રેટરી શ્રી ડી.જી.પંચામિયાએ પણ પ્રાસંગિક પ્રવચન આપીને આ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમમાં આશરે ૯૦ થી ૧૦૦ જેટલી રાજકોટના જુદા જુદા ક્ષેત્રની વ્યવસાયિક સંસ્થાઓના પ્રતિનિધિઓ વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા.




## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# ગાંડો બાવળ

વર્ષો પહેલાં દરિયો અને રણ આગળ ન વધે તે માટે ઉગાડાયેલો ગાંડો બાવળ આજે ચારેતરફ ફેલાઈ ગયો છે. આજે ગામની ચારેય તરફની સીમમાં ગાંડા બાવળનો દબદબો છે. વાડી, ખેતરના શેઢે ગાંડો બાવળ એવો જામી જાય છે કે એને કાઢવો મુશ્કેલ બને છે. ગાંડા બાવળ વકરી ગયા છે; એનું કારણ ગામડામાં રાંધણ ગેસના બાટલા પહોંચી ગયા હોવાથી બળતણ તરીકે તેનો ઉપયોગ બંધ થયો છે; એટલે તેને કોઈ કાપતું નથી. ઓછા પાણીએ અને બિલકુલ રક્ષણ વિના ઝડપથી ઉગે છે; તેને કાપ્યા પછી બહુ જ ઝડપથી વધે છે. તે હઠીલો છે; JCB સિવાય કોઈને ગાંઠતો નથી.

ગાંડા બાવળનું (પ્રોસોપિસ જુલિફ્લોરા- Prosopis Juliflora) મૂળ વતન મધ્ય અને દક્ષિણ અમેરિકા. અંગ્રેજ કર્નલ બોડમે ૧૮૫૭માં તેને ભારત લઈ આવેલા. દરિયાની ખારાશ અને રણને આગળ વધતું અટકાવવા માટે તેનું બિયારણ અહીં લાવવામાં આવેલું. હવે આખા દેશમાં તેની હાજરી છે. રણકાંઠા વિસ્તારમાં વિમાનથી આ બાવળનાં બીજનો છંટકાવ કર્યો ત્યારથી તેણે રાક્ષસી રુપ ધારણ કર્યું છે. ગાંડો બાવળ સારી કે નબળી જમીનમાં સહેલાઈથી ઊગી નીકળે છે; તેથી રણકાંઠાના વિસ્તારોમાં રણને આગળ વધતું અટકાવે છે. આ બાવળ પર્યાવરણનું રક્ષણ કરે છે. ગાંડા બાવળના ઝૂંડ તો નીલગાય, શિયાળ, સસલાં, જંગલી ગધેડાં, મોર, તેતર, નોળિયા વગેરેનું રહેઠાણ છે. પક્ષીઓનું નિવાસસ્થાન છે. રણકાંઠામાં જ્યાં કમાવવા માટે બીજા કોઈ વિકલ્પ નથી; ત્યાં ગરીબ લોકો આ બાવળના કોલસા બનાવી પેટિયું રળે છે. તેનો ગુંદર વેચીને ઘણા ગુજરાન ચલાવે છે. જોકે ગાંડો બાવળ ઘાસિયા મેદાનમાં છવાઈ જતાં ઘાસને ઊગવા દેતું નથી.

ભારતની આઝાદી પહેલાં અંગ્રેજોએ જ્યારે Prosopis juliflora (પ્રોસોપીસ જુલીફ્લોરા) નામની બાવળની એક જાતને કચ્છ અને સૌરાષ્ટ્રમાં વાવવાનું નક્કી કરેલું ત્યારે કચ્છના અને મોરબીના રાજાઓએ એવું જણાવીને વાવવા ન દીધું કે એ વનસ્પતિ કચ્છ અને સૌરાષ્ટ્ર માટે અનુકૂળ નથી. પરંતુ ૧૯૬૦માં ભારતમાં કાયદેસર આ વૃક્ષને વાવવામાં આવ્યું જેને ગુજરાત સરકારે પણ સ્વીકાર્યું. કોઈ કારણસર એ વૃક્ષના બી ઊગ્યાં નહીં. રણ વિસ્તારને આગળ વધતો અટકાવવા ૧૯૭૧માં કચ્છના ગ્રેટર રણ અને બન્ની વિસ્તારમાં કેન્દ્ર સરકારે હેલિકૉપ્ટરથી એનાં બીનો છંટકાવ કર્યો. ત્યારથી કચ્છના વનસ્પતિ જગતમાં આ બાવળે પગપેસારો કર્યો. હિન્દી ભાષામાં અંગ્રેજી બબુલ, વિલાયતી કીકર અને વિલાયતી ખેજરા કહેવાતા આ વૃક્ષને ગુજરાતની બોલચાલની ભાષામાં ગાંડો બાવળ કહેવાય છે. આ વનસ્પતિએ છેલ્લી અર્ધી સદીમાં કચ્છને ચોમેરથી એવો તો ભરડો લીધો છે કે આ વૃક્ષ હવે અળખામણું બની ગયું છે.


જોકે એ હકીકત છે કે આ બાવળ રણને આગળ વધતું અટકાવી શકે છે. વળી તે ઓછા વરસાદવાળા પ્રદેશમાં પણ અસ્તિત્વ ટકાવી શકે છે. મધ્ય અમેરિકા અને કેરેબિયન ટાપુઓના મૂળ નિવાસી ગાંડા બાવળને ભારતમાં લાવવાનું અંગ્રેજ સરકારનું પ્રયોજન જુદું હતું. ભારતના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં લાકડું મળી રહે અને જમીનનું ધોવાણ અટકે એ હેતુથી અંગ્રેજો ભારતમાં આ વૃક્ષનાં બી લાવ્યા હતા. કપાયા પછી તેની ઝડપથી ફૂટવાની શક્તિ અન્ય વૃક્ષો કરતાં વધારે હોય છે. વાસ્તવમાં ઑસ્ટ્રેલિયામાં આ બાવળની સફળતા જોઈને કંપની સરકારે તેને ભારતમાં લાવવાનું યોગ્ય માન્યું હતું. તે પછી ગાંડો બાવળ મેક્સિકો, આર્જેન્ટિના અને ઉરુગ્વેથી દેશના ઘણા ભાગોમાં ફેલાયો. રણ વિસ્તારને અટકાવવા ૧૯૩૦માં રાજસ્થાનના થારના રણમાં અને કચ્છમાં લાવવામાં આવ્યો હતો. ૨૦૦૦ના વર્ષ સુધીમાં તે ભારતના ૪૦ ટકા વિસ્તારમાં પહોંચી ગયો. આજે ગુજરાતમાં ગાંડા બાવળના સૌથી વધુ ૪.૪ કરોડ વૃક્ષ છે. ગાંડો બાવળ ઝડપથી ફેલાતી વનસ્પતિ છે અને સ્વિત્ઝર્લૅન્ડમાં મુખ્ય મથક ધરાવતી સંસ્થા ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઈયુસીએન)એ ગાંડા બાવળને વિશ્વની ૧૦૦ ટોચની આક્રમક ફેલાતી વનસ્પતિઓમાં સ્થાન આપ્યું છે.

ગાંડો બાવળ નુકસાન જ કરે છે તેવી માન્યતાને વૈજ્ઞાનિક રીતે ખોટી ઠરાવાના પ્રયત્નો જરૂર સફળ થયા છે. આમ તો કોઈ પણ વનસ્પતિ બિનજરૂરી કે ગુણરહિત ન હોય, પરંતુ કચ્છની જમીન, વરસાદનું

પ્રમાણ, હવામાન અને તેની ભૂગોળને કારણે કચ્છમાં ગાંડો બાવળ કોઈ રીતે હિતકારક નથી. કચ્છમાં ગાંડા બાવળની સરખામણીમાં એવાં કેટલાંય વૃક્ષો છે જે ઓછા વરસાદમાં પાંગરી શકે અને પર્યાવરણ અને વનસંપદાની રીતે ઉપયોગી નીવડે તેમ છે. સંશોધનો દર્શાવે છે કે જ્યારે ઉનાળો આવે છે ત્યારે દેશી બાવળ પોતાના પાંદડાં ખેરવી સુષુપ્ત અવસ્થામાં ચાલ્યું જાય છે જેથી તેને ઓછા પાણીની જરૂર પડે છે. જ્યારે ગાંડો બાવળ બારેય મહિના પાણી ચૂસે છે. જમીનમાંથી ભેજ ઘટી જવા માટે ગાંડો બાવળ જવાબદાર છે. ગાંડા બાવળને કારણે પશુઓના ચરિયાણ માટેની ખુલ્લી જમીન ઢંકાઈ જવાથી કુદરતી ઉગતા ઘાસનો જથ્થો ઓછો થઈ જાય છે. કચ્છની નદીઓ અને અન્ય કુદરતી પાણીનાં વહેણો પણ આ બાવળથી ઘેરાઈ ગયા છે જેથી કુદરતી રીતે વહેતું પાણી અવરોધાય છે અને જમીનના સેન્દ્રીય તત્વોનાં સ્થળાંતરની પ્રક્રિયા ધીમી પડી છે. જેટલા વિસ્તારોમાં ગાંડો બાવળ છવાઈ જાય છે ત્યાં જમીન સખત થઈ જાય છે એટલે કુદરતી વેલી-વેલાઓને પાંગરવાની જગ્યા નથી મળતી. આ બાવળની ફળીઓનો ગર્ભ પશુઓ માટે ઉપયોગી તો છે, પરંતુ ફળીમાં રહેલાં તેનાં બી એટલા સખત અને લીસ્સાં હોય છે કે ક્યારેક દાઢમાં બી ફસાઈ જવાને કારણે પશુઓ દાઢ ગુમાવી બેસે છે.

કચ્છના મૂળ જંગલી વૃક્ષો જેવાં કે દેશી બાવળ, ખીજડો, ખેર, ગુગળ, પીલુડી, કઈ, આવળ, હરુ, થોર, ખાખરા કે અંગારિયાનું પ્રમાણ છેલ્લા બે દાયકામાં ભયજનક રીતે ઘટી ગયું છે. ગાંડા બાવળના વિસ્તરતાં જંગલોને કારણે કચ્છનાં મૂળ વૃક્ષો પાંગરતાં નથી, પરિણામે ગુંદર મળવું ઓછું થતું જાય છે. કચ્છના અબડાસા, નખત્રાણા, વાગડ વગેરે વિસ્તારોમાં એક સમયે કુદરતી મધનું પ્રમાણ વિશેષ હતું. ફૂલવાળાં વૃક્ષો ઓછાં થવાથી હવે મધની આવક પણ ઘટતી જાય છે.

વર્ષોથી કચ્છમાં પર્યાવરણ પર સંશોધન કરતાં અને ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી એટલે કે GUIDE સંસ્થા દ્વારા જાહેર કરાયેલા રિસર્ચ પેપરમાં ગાંડા બાવળની સારી બાજુઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. સંશોધનમાં સૂચવાયું છે કે ગાંડા બાવળના ઉપયોગથી બ્રેડ, કેટલ ફીડ, બિસ્કિટ, સીરપ, કોફી, કોકટેલ જેવી ખાદ્ય વસ્તુઓનું નિર્માણ શક્ય છે. આ ઉપરાંત વીજ ઉત્પાદન માટેનો જરૂરી કોલસો પણ બનાવી શકાય છે. ગાંડા બાવળની ડાળીઓ વૃક્ષનાં રૂપમાં ઉછેરવામાં આવે તો તેનું લાકડું ટીકવૂડ જેવું જ ઉપયોગી છે. બાવળની ફળી તેના બીજ હટાવ્યા બાદ પ્રોટીન અને ગ્લુકોઝથી સભર છે. તેનો પશુના ચારા માટે ઉપયોગ કરી શકાય છે. ગાંડા બાવળની ફળીના ઉપયોગથી બિસ્કિટ, કોફી જેવાં ખાદ્ય ખોરાક બની શકે છે, વૃદ્ધો અને બાળકો માટે શક્તિદાયક ટોનિક પણ બની શકે છે.



(Sources & Photo Courtesy : www.gujaratimidday.com, www.meranews.com, https://kutchmitradaily.com, https://gu.wikisource.org, https://gd.eppo.int, https://live.staticflickr.com, https://cdn.pixabay.com)



# 'ગાંડો બાવળ'

## - ગિજુભાઈ બધેકા

ગિજુભાઈ બધેકાએ 'ગાંડો બાવળ' વિષે કાંઈક આ પ્રમાણે લખ્યું છે.

જેને લાંબા લાંબા કાંટા છે, જેનો છાંયો કછાંયો એટલે ખરાબ છાંયો કહેવાય છે, જેની છાલ કાળી ખરબચડી છે, તેને લોકો ડાહ્યો બાવળ કહે છે. ડાહ્યો બાવળ એટલે જેનાં આપણે દાતણ કરીએ છીએ તે બાવળ. લોકોને ઉપયોગમાં આવ્યો એટલે તે ડાહ્યો. લોકોનું ધોરણ જ એવું. પોતાના કામમાં આવે તે ડાહ્યો; પોતાને કામમાં ન આવે તે ગાંડો. નાનાં છોકરાં ઝટઝટ કામ કરી આપે તે માબાપને મન ડાહ્યાં, પણ આળસુ માબાપને પોતાને ઊઠીને કામ કરવું પડે ત્યારે છોકરાં ગાંડાં!

ગાંડો બાવળ મેં જોયેલો છે. હું તેના ઉપર ચડેલો છું. તેને છાંયે બેઠેલો છું. તેની શીંગો ખાધેલી છે. તેના કાંટા કોઇ દી લાગ્યા નથી. મને તે કોઈ દિવસ ગાંડો લાગ્યો નથી. પણ ઊલટું નાના હતા ત્યારે તે બહુ ડાહ્યો લાગેલો અને હજી પણ લાગે છે. ગાંડો બાવળ નાનો હતો ત્યારે બકરાં તેની ઉપર ઝાડ થઇ તેને ખાતાં, અને તે કોઈ દિવસ કાંઇ બોલતો નહિ.

તેની ડાળો અને તીરખીઓ અને તેના ઉપરની ઝીણીઝીણી પાંદડીઓ લીલીછમ હોવાથી આંખને ઠારતી. તીરખીઓ ઉપરથી લીલી પાંદડીઓ બે આંગળીઓ વચ્ચેથી સુરરર કરી ઉતારી નાખવાની બહુ મજા પડતી. પછી મોઢામાં તીરખીનો એક છેડો રાખી, તાણીને બીજે છેડેથી ખેંચીને તીરખીનું વાજું બનાવી લેવાતું. ખેંચાઈને તંગ થયેલી તીરખી ઉપર તંબૂરાના તાર પર આંગળી ચલાવવાથી જેમ અવાજ આવે તેવો અવાજ આવતો.

ગામડાના છોકરાઓ ભાતું લીધા વિના વનમાં વગર પૂછે ઉજાણીએ ઉપડી જાય છે. આંબલી તેમને કાતરા આપે છે, બોરડી બોર આપે છે, પીલુડી પીલુ આપે છે અને ગાંડો બાવળ પોતાની શીંગો આપે છે. ચોળીની શીંગો જેવી લાંબી અને ભરાવદાર દાણાવાળી ગાંડા બાવળની શીંગોના લૂમખાના લૂમખા બાવળ ઉપર સુંદર દેખાય છે. ગધેડાની પીઠ ઉપર ટેકો દઈ બાવળ પર ચડી જનારા ગામડિયા છોકરાઓ લૂમખાના લૂમખા નીચે પાડે છે. શીંગોમાંથી મીજ કાઢી, મીજમાંથી ધોળું પડ કાઢી છોકરાઓ તે હોંશે હોંશે ખાય છે, જે જરા ગળ્યું ગળ્યું લાગે છે. કૂણાં બીયાંને વઘારીને પણ નાનાં બાળકો ખાય છે.

માબાપોને આની ખબર જ નથી હોતી, પણ ગાંડા બાવળને તેની પૂરેપૂરી જાણ છે. લોકોએ તેને ગાંડો બાવળ એટલા માટે કહ્યો હોય કે તે છોકરાઓ ભેગા કરે છે અને ખવરાવે છે. માબાપોને મન નિશાળ જેવું કોઈ ડાહ્યું નથી અને છોકરાઓને મન આ ગાંડા બાવળ જેવાં કેટલાં ય જણ બહુ ડાહ્યાં લાગે છે ! મને તો ગાંડો બાવળ બહુ ડાહ્યો લાગે છે.

# પાટણના પટોળા



પાટણ એટલે ગુજરાતની એક સમયની રાજધાની. આ પાટણ ઐતિહાસિક રાણકી વાવ અને સહસ્રલિંગ તળાવ માટે જેટલું જાણીતું છે તેટલું જ એ 'પાટણના પટોળા' માટે જાણીતું છે. એક પ્રખ્યાત ગીત છે – 'છેલાજી રે, મારે હાટું પાટણથી પટોળા મોંઘા લાવજો'. ગીતમાં પાટણ, પટોળા અને મોંઘા શબ્દો જ સૂચવે છે કે પાટણના પ્રખ્યાત પટોળા મોંઘા જ હોય. પાટણના પટોળા વિશે ભાગ્યે જ કોઈ ગુજરાતી અજાણ હશે. લાખોની કિંમતના પટોળા આજે તો દેશવિદેશમાં ખ્યાતિ મેળવી ચૂક્યા છે.

પાટણના પટોળાનો ઇતિહાસ ઘણો રોચક છે. 'પટોળું' શબ્દ 'પટ્ટ' પરથી આવ્યો છે, જેને સંસ્કૃતમાં પટ્ટા કહેવામાં આવતું. પટોળા મૂળ દક્ષિણ ભારતમાંથી પાટણ આવ્યા છે. સાલ લગભગ ૧૧૭૫ની હતી, જ્યારે કુમારપાળના હાથમાં પાટણનું શાસન હતું. જૈન રાજા કુમારપાળને પૂજા કરવા માટે રોજ રેશમી કપડાની જરૂર પડતી. પરંતુ કુમારપાળ જે કપડું વાપરતા તે પવિત્ર ન હતું. સમયાંતરે કુમારપાળના કાને મહારાષ્ટ્રમાં બનતા પટોળાના વખાણ પહોંચ્યા. પટોળા સિલ્કમાંથી બનતા હોવાથી તેને પવિત્ર માનવામાં આવતા હતા. કુમારપાળે ત્યાંથી પટોળા મંગાવવા તજવીજ કરી પરંતુ જાલનાના રાજા પટોળાનો એકવાર ઉપયોગ કર્યા પછી જ બહાર મોકલતા. એક વખત વપરાયેલું પટોળું પવિત્ર ન ગણાય એટલે તેને પૂજામાં ન વાપરી શકાય. એટલે કુમારપાળે મુંગીપટ્ટમ ગામના ૭૦૦ જેટલા સાલ્વી કુટુંબોને પાટણમાં આવીને વસવા અને તેમની કલાને વધુ ઉજાગર કરવા આમંત્રિત કર્યા અને સાલ્વી કુટુંબોએ પણ આમંત્રણને સ્વીકાર કરીને પાટણને પોતાનું નવું કલાકેન્દ્ર માનીને વસવાટ કર્યો હતો. બસ ત્યારથી પટોળા ગુજરાતની ઓળખ બની 'પાટણના પટોળા' તરીકે ખ્યાતિ પામવા લાગ્યા.

**ઐતિહાસિક નગર પાટણની ઓળખ એટલે કે પાટણનું પટોળુ. કહેવાય છે કે પાટણના પટોળાની કળા એ ૯૦૦ વર્ષથી પણ પુરાણી છે. પહેલાના જમાનામાં ડિઝાઈનવાળું કપડું બનાવવાની કોઈ પદ્ધતિ ન હતી એ જમાનામાં બાંધણી પર કલર કરવાની કળા પાટણના સાલ્વી પરિવારોએ તેમની આગવી કોઠાસૂઝથી બનાવી હતી.**

એવું પણ માનવામાં આવે છે કે ૧૨મી સદીમાં સાલ્વી લોકોએ ગુજરાત, માળવા અને દક્ષિણ રાજસ્થાનમાં શાસન કરતા સોલંકી વંશની છત્રછાયા માટે ગુજરાતમાં સ્થળાંતર કર્યું હતું. વાયકા મુજબ ૭૦૦ સાલ્વીઓ રાજા કુમારપાળના મહેલમાં આવ્યા હતા. એ સમયે રાજા પોતે ખાસ પ્રસંગોએ પટોળા રેશમના વસ્ત્રોનો ઉપયોગ કરતા હતા. સોલંકી વંશના અસ્ત પછી સાલ્વીઓએ ગુજરાતમાં બહોળો વેપાર શરૂ કર્યો હતો. કર્ણાટક અને મહારાષ્ટ્રના રેશમ વણકરોએ તેમના પટોળા માટે ગુજરાતની પસંદગી કરી હતી. પટોળા સાડીઓ ગુજરાતની સ્ત્રીઓમાં ટૂંક સમયમાં જ સામાજીક મોભાનું પ્રતિક બની ગઇ હતી.

ઇતિહાસમાં તેની ખ્યાતિનો અંદાજ એ પરથી પણ આવે છે કે ગુજરાતી કવિ પ્રેમાનંદે તેમના કાવ્ય 'કુંવરબાઇનું મામેરૂ'માં 'લખો પછેડી પંદર કોડી, પટોળા પચાસ વહુજી' શબ્દો દ્વારા પાટણના પટોળાની બહુમૂલ્યતાને પ્રગટ કરી છે. ૧૨મી સદીમાં ગુજરાતમાં વસવા આવેલા ૭૦૦ પરિવારમાંથી હવે માત્ર ત્રણ જ પરિવાર આ કલા અને વ્યવસાય સાથે સંકળાયેલા છે.

પટોળા રાજા કુમારપાળના જ સમયથી ગુજરાતમાં પ્રસિદ્ધ બન્યાં એવું નથી. પટોળાનો ઈતિહાસ તો એનાથી પણ જુનો છે. ઇસવીસનની ૧૨મી સદીમાં સોલંકીયુગમાં રાજા કુમારપાળ થયાં. પણ એનાથીય ૭૦૦ વરસ પહેલાનો આ પટોળાનો ઈતિહાસ છે. પટોળા પહેલી વાર

તમને નજરે ચડે છે ચોથી સદીમાં અજંતાની ગુફાઓનાં ચિત્રોમાં એટલે અનુમાન તો એવું જ લગાવાય કે પટોળા તો ઇસવીસનની ચોથી સદીમાં બન્યાં હશે કે તે પહેલાં પણ બનતાં જ હશે. અજંતાના ભીંતચિત્રો એ વત્સગુલમા શાખાના વાકાટક વંશના સમયનાં છે જે આજે ‘વાશીમ’ જીલ્લા વિદર્ભનું પ્રતિનિધિત્વ કરે છે. પછી સોલંકીઓનાં પાટણ પછી આ પટોળા ગુજરાતી નારીનો સામાજિક મોભો બની ગયું. જેને આજે ગુજરાતી નારીઓ અને છોકરીઓ સ્ત્રીધન તરીકે ઓળખે છે.



પટોળા એ વિશ્વભરમાં વણાટ સ્વરૂપનો સૌથી મુશ્કેલ પ્રકાર છે. તેમાં બેવડી ઈક્કત શૈલીનો ઉપયોગ કરવામાં આવે છે. ડબલ ઇક્કત એટલે એવી વણાટ પ્રક્રિયા જેમાં પ્રિન્ટિંગ કાપડની બંને બાજુ હોય છે, અને બંને તરફથી તેને પહેરી શકાય છે. જેમાં તાણવાણાને વણતા પહેલાં અગાઉથી નક્કી કરી શૈલી મુજબ કાળજીપૂર્વક રંગવામાં આવે છે. ત્યાર બાદ વણકર તેને ચોક્સાઇપુર્વક શાળ પર ગોઠવે છે, જેનાથી નાજુક, ઝાંખી રેખાઓ ધરાવતી ભૌમિતિક રેખાકૃતિઓવાળી વિશિષ્ટ ડિઝાઇન સહજ રીતે તૈયાર થાય છે. પાટણ ઉપરાંત, બાલી અને ઇન્ડોનેશિયામાં બેવડી ઇક્કત શૈલીનો ઉપયોગ થાય છે. એવું કહેવાય છે કે ઇન્ડોનેશિયાના રાજા ભારતની મુલાકાતે આવ્યા હતા અને પટોળાની કારીગરીથી અંજાઈ ગયા હતા અને માત્ર ઇન્ડોનેશિયાના રાજવી કુટુંબના લોકોને જ આ પટોળા પહેરવાની છૂટ આપવામાં આવશે તેમ કહીને તેમના વતન પટોળા લઈ ગયા હતા.

રેશમી દોરાઓને રંગ કરવામાં સિત્તેરથી વધારે દિવસ અને વણાટકામમાં અંદાજે ૨૫ દિવસ મળીને એક સાડી તૈયાર કરતા ચારથી છ મહિના થાય છે. આ સાડી ચાર પ્રકારની શૈલીમાં મળે છેઃ (૧) જૈનો અને હિન્દુઓ માટે ફૂલો, પોપટ, હાથી અને નાચતી આકૃતિઓવાળી, (૨) મુસ્લિમ વોરાઓ માટે લગ્ન પ્રસંગોએ વપરાતી ભૌમિતિક અને ફૂલોવાળી ડિઝાઇનની, (૩) મહારાષ્ટ્રીય બ્રાહ્મણો માટે નારી કુંજ તરીકે ઓળખાતી સાડીઓ, જે સ્ત્રીઓ અને પક્ષીઓની ભાતની ગાઢ કાળા રંગની બોર્ડરવાળી હોય છે, (૪) પૂર્વના દેશોના પરંપરાગત નિકાસ બજારો માટેની સાડીઓ. ખાસ કરીને ઝિગઝેગ ડિઝાઇનમાં વણેલા તાણવાણા માટે રંગકામની પેટર્નને ઉપસાવવા અત્યંત કુશળ રંગારાની જરૂર પડે છે, અને એજ રીતે એકસરખી ઝડપથી કામ કરવા માટે કુશળ વણકર પણ આવશ્યક છે, જેથી રેશમના દોરાને તોડ્યા વગર ચોક્કસ જગ્યાએ તાણાવાણા વણી શકાય. કારીગરીનું આ અત્યંત ઊંચુ સ્તર પટોળા કારીગરોને તેમના કામનું ઊંચુ મૂલ્ય રાખવાનું અને તેમની પેટર્ન્સને ધંધાના રહસ્ય તરીકે જાળવી રાખવાનું પૂરતું કારણ પૂરું પાડે છે.





પટોળા વણાટમાં ૪૮ પનાની પહોળાઈ ધરાવતી શાળનો ઉપયોગ થાય છે. એક પટોળું તૈયાર કરવામાં આશરે છ મહિના જેટલો સમય લાગે છે અને ક્યારેક તેથી પણ વધારે! શુદ્ધ રેશમના તાણાવાણા વડે વિવિધ ભાતો નિષ્પન્ન કરવા માટે તાણા પર ગ્રાફ તૈયાર કરી પસંદગીની ડિઝાઇન પ્રમાણે દોરાંની ગાંઠ મારી તેટલા ભાગને જરૂરિયાત મુજબના રંગ માટે અકબંધ રખાય છે. પટોળા વણાટની પ્રક્રિયા એવી છે કે એમાં રેશમની આંટીમાંથી આઠ તારને ભેગા બાંધી એક તાર તૈયાર કરવામાં આવે છે. આવાં તાર તૈયાર થયા પછી ફરીથી આંટીમાં બંધાય છે. રેશમને ગરમ પાણીમાં બાફ્યા પછી ટ્વીસ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરાય છે. તાર પર ડીઝાઇનની ગાંઠ માર્યા બાદ જરુર મુજબના જુદા જુદા રંગોમાં પલાળવામાં આવે છે. આ પ્રારંભિક પ્રક્રિયા પૂરી કરાયા બાદ હાથસાળ પર પટોળા વણાટની પ્રક્રિયા હાથ ધરાય છે.

પટોળા બનાવવા માટે જે કલર વપરાય છે, તે પણ કુદરતી હોય છે. એટલે અકીક, હરડે, ગળી, ગુલાલ અને ફળફૂલની છાલમાંથી જ આ કલર બનાવવામાં આવે છે. કુદરતી કલર બનાવવાની પ્રક્રિયા પણ માત્ર પાટણના સાલ્વી પરિવારો જ જાણે છે. આટલી મહેનત કર્યા બાદ બનતા પટોળાની કિંમત એક લાખથી બે-અઢી લાખ સુધી પહોંચે છે. જો કે પટોળાની કિંમતનો આધાર તેની ડિઝાઈન પર હોય છે.

‘પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં’, પટોળા વિશેની આ કહેવત પણ તમે સાંભળી જ હશે. આ કહેવત પ્રમાણે પટોળા પર બનેલી ડિઝાઈન વર્ષો સુધી ટકી શકે છે. કહેવાય છે કે પટોળા સાડી એ ૭૦-૮૦ વર્ષ સુધી ફાટતી નથી. અને જો પટોળું ફાટી પણ જાય તો તેની ડિઝાઈન તો ભૂંસાતી જ નથી. એટલે જ કહેવતમાં કહેવાયું છે ફાટે પણ ફીટે નહીં.

૯૦૦ વર્ષથી એક સરખી ડિઝાઇનને વળગી રહેવા છતાં પણ પટોળાની માગમાં ઘટાડો થયો નથી. ગ્રાહકની ઇચ્છા મુજબની પણ ડિઝાઇન બનાવી આપવામાં આવે છે, જેમાં હાથી, ઘોડા, મોર, ઢેલ,





પોપટ અને ચોરસની ડિઝાઇનની માગ વધુ રહેતી હોય છે. સ્કવેર ડિઝાઇન પાછળની સાયકોલોજી એ પણ છે તેનાથી પોઝિટિવ એનર્જી પેદા થાય છે અને કોઇ નેગેટિવ એનર્જી તમારી નજીક આવી શકતી નથી. એ ગણિતને પણ ધ્યાનમાં રાખીને રાજા રજવાડા માંગલિક કાર્યો કરતી વખતે સિલ્કના પટોળા પહેરવાનું વધુ પસંદ કરતા.

સંપૂર્ણ વિશ્વમાં પ્રખ્યાત પ્યોર સિલ્કમાંથી બનતી ઓરિજિનલ પટોળા સાડી માત્ર ગુજરાતના પાટણમાં જ બને છે. આ પટોડાની ખાસિયત એવી છે કે તે બંને બાજુએ પહેરી શકાય છે. તેનો રંગ ક્યારેય ખરાબ થતો નથી અને આ પટોળું ૧૦૦ વર્ષ સુધી ચાલે છે. પાટણની પટોળા સાડીની બનાવટથી લઈને બિઝનેસ સુધીની બધી વાત અન્ય બિઝનેસ કરતા ઘણી અલગ છે. સંપૂર્ણ રીતે હાથવણાટથી બનતી આ સાડીને અંદાજે ચારથી છ મહિના જેટલો સમય લાગે છે. ૧૯૩૪માં આ પટોળાની કિંમત માત્ર ૧૦૦ રૂપિયા હતી પરંતુ આજે તેની કિંમત ચાર લાખ રૂપિયા થવા જાય છે. ૯૦૦ વર્ષ જુની આ કળાને ખરીદનાર દેશમાં જ નહી પરંતુ વિદેશમાં પણ માલેતુજારો છે. એક વાત જાણીને નવાઈ લાગશે કે પાટણ પટોળા સાડીની કોઈ ઈન્ડસ્ટ્રી નથી. આ બિઝનેસ માત્ર ઓર્ડર પર જ ચાલે છે. તેમજ આ બિઝનેસ સાથે માત્ર ત્રણ પરિવારો જોડાયેલા છે, જે પાટણ સ્થિત છે.

પારંપરિક રીતે પટોળાને પ્યોર સિલ્કમાં નેચરલ રંગોથી બનાવવામાં આવે છે. ઇકો ફ્રેન્ડલી રંગોની હાજરીમાં કારીગરો માટે નેચરલ વેજીટેબલ મટિરિયલ્સ જેમ કે, ડુંગળીની છાલ, લાખ, મહેંદી, હજારીગરના ફૂલ, દાડમની છાલ, હળદર, હરડે, ગળી, આમળા, કીરમજ જેવાં વનસ્પતિજન્ય રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. વિવિધ રંગોના સુભગ સમન્વયથી તૈયાર થતાં પટોળામાં લાલ, કેસરી અને લીલા રંગના પટોળા ગ્રાહકને સવિશેષ પ્રિય બની રહેતાં હોય છે. ક્યારેક કાળા રંગનું તો કયારેક પાલવ અને બોર્ડરવાળું પટોળું પણ તૈયાર કરાય છે. ૬ વારની લંબાઈ ધરાવતા પટોળાનું વજન ઘણું વધારે હોય છે. પાટણમાં અત્યારે જે સાલ્વી કુટુંબ છે એમની પાસે ૨૦૦ વરસ પહેલાના પટોળાઓ પણ સચવાયેલા છે. પટોળું અતિમોંઘુ હોવાથી મહદઅંશે મુંબઈ, દિલ્હી, અમદાવાદ જેવાં મહાનગરો કે વિદેશ વસતા ગુજરાતી કુટુંબો દ્વારા ખરીદાતું હોય છે.

આજકાલ ટેક્નોલોજીની સમયમાં ડિઝાઈન્સ વધી રહી છે, ત્યારે પાટણના પટોળાની કળા પર પણ જોખમ છે. તેમાંય પટોળાની કિંમત ખૂબ જ વધુ હોવાથી પટોળા ઝડપથી વેચાતા નથી. હાલ ત્રણ જ સાલ્વી પરિવારો પટોળા બનાવે છે. જો કે પોતાની વારસાગત કળાને જાળવી રાખવા આ સાલ્વી પરિવારો દ્વારા પ્રયત્નો કરાઈ રહ્યા છે. અત્યાર સુધી પટોળા સાડી સુધી જ સીમીત રહેલી ડિઝાઈન્સને હવે તેઓ પર્સ, કવર, રૂમાલ, દુપટ્ટા, ટેબલક્લોથ, શાલ, લેસ જેવી નાની નાની ચીજવસ્તુઓમાં પણ લાવી રહ્યા છે જેથી પટોળાની માંગ વધે. સાથે જ પોતાના પરિવારની આગામી પેઢીઓને પણ આ કળા શીખવી રહ્યા છે. એટલે ત્રણેય સાલ્વી પરિવાર પોતાની આગામી પેઢીને આ કળા શીખવી રહ્યા છે. તો લગભગ ૧૫૦ જેટલા સ્થાનિક કારીગરોને પણ તેઓ પોતાનો કસબ શીખવી રહ્યા છે. જેથી ગુજરાતના ગૌરવ સમાન આ કળા જળવાઈ રહે.

ઇતિહાસને સાચવવા અને જાણવા માટે પાટણમાં પટોળાનું મ્યુઝિયમ પણ આવેલું છે. જેને જોવા માટે દેશ-વિદેશથી લોકો આવતા હોય છે. આ પટોળાના કલાકારોને કલાના ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે અનેક પુરસ્કાર મેળવી ચૂક્યા છે.

(Sources & Photo Courtesy : https://patan.nic.in, www.gujaratimidday.com, www.divyabhaskar.co.in, https://watchgujarat.com, https://shareinindia.in, https://read.ottindia.app, www.gujarattourism.com, https://upload.wikimedia.org, www.poojapatola.com, https://samyakkimg.gumlet.io)